જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૪૧/૧૮

પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂ તથા ઇગ્લીશદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે અજય સ/ઓ જશુભાઇ ઉર્ફે કાબરો અંબાલાલ છારા ઉવ-૩૫ રહે કાળીગામ છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારુ તથા ઇગ્લીશ દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૧૦૯૩/૨૦૧૮ તા:૧૬/૧૧/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૧૬/૧૧/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.કે.પટેલ નાઓની સુચના આધારે સર્વેલસ પો.સ.ઇ વી.એસ.સિધવ તથા મ.સ.ઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ તથા હે.કો રમેશભાઇ વશરામભાઇ તથા સર્વેલસ સ્ટાફના માણસોએ મે.પોલીસ કમિશ્નરશ્રી નાઓના પાસા હુકમ ક્રમાક/PCB/DTN/ પાસા/૧૦૯૬/૧૮ તા.૧૬/૧૧/૨૦૧૮ અન્વયે અટકાયતી કરણ ઉર્ફે તોતલો મનોહરસિંહ જાતે શેખાવત ઉ.વ.૨૪ રહે.જય ખોડીયારનગર નીલકંઠ પાર્ટી પ્લોટની પાછળ કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો પાસા વોરન્ટ બજવણી નહીં થવા દેવા સારૂ નાસતો ફરતો હોય આજરોજ મ.સ.ઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ નાઓની બાતમી આધારે સદરી પાસા અટકાયતીને પકડી અટક કરી ઉપરોકત પાસા હુકમની બજવણી કરી હુકમમા જણાવેલ ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.કે.પટેલ નાઓની સુચના આધારે સર્વેલસ પો.સ.ઇ વી.એસ.સિધવ તથા હે.કો શંકરભાઇ ભાનુપ્રસાદ તથા હે.કો હસમુખભાઇ જીતાભાઇ તથા વુ.લોકરક્ષક ભૂમિકાબેન મોહનભાઇ તથા સર્વેલસ સ્ટાફના માણસોએ મે.પોલીસ કમિશ્નરશ્રી નાઓના પાસા હુકમ ક્રમાક/PCB/DTN/ પાસા/૧૦૯૬/૧૮ તા.૧૬/૧૧/૨૦૧૮ અન્વયે અટકાયતી શોભાબેન ઉર્ફે ધુમટાવાળી વા/ઓ બંસીલાલ જયસ્વાલ ઉ.વ.૬૬ રહે.તેજાજી કાળુજીની ચાલી ઘી વાળી ચાલીની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની પાસા વોરન્ટ બજવણી નહીં થવા દેવા સારૂ નાસતી ફરતી હોય આજરોજ હે.કો હસમુખભાઇ જીતાભાઇ નાઓની બાતમી આધારે સદરી પાસા અટકાયતીને પકડી અટક કરી ઉપરોકત પાસા હુકમની બજવણી કરી હુકમમા જણાવેલ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

# મોબાઇલ સ્નેચીંગના આરોપીઓને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય અને જે આધારે પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ તા-૧૬/૧૧/૨૦૧૮ ના રોજ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો.ઈશ્વરભાઈ શંકરભાઈ તથા સર્વે સ્કોડ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના પો.કો.દિનેશકુમાર ભીમશીભાઈ તથા પો.કો.અભીજીતસિંહ કાકુભા નાઓની બાતમી હકિકત આધારે આરોપી નામે (૧) મોમીનખાન ઉર્ફે બાબા સ/ઓ મહેમુદખાન ગુલદીનખાન પઠાણ ઉવ.૨૪ રહે, મ.નં.૨૦૨, સેબીપાર્ક ફ્લેટ અલીફ હોટલની બાજુમાં અંબર ટાવરની સામે ટીપી ૮૫ રોડ ફતેહવાડી વેજલપુર અમદાવાદ તથા મ.નં.૧૧૮૪/૨ સમશેરબાગ ખ્વાજા કોમ્પલેક્ષની બાજુમાં રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર તથા આરોપી નં. (૨) અરબાઝ હુસેન મકબુલહુસેન શેખ ઉવ. ૧૯ રહે, મ.નં.૬૧ સુહાપંખીની ચાલી ઉષા ટોકીઝરોડ ગોમતીપુર અમદાવાદ શહેર નાઓની પાસેથી બે મોબાઈલ ફોન જેની કિ.રુ.૩૨,૦૦૦/- તથા એક હીરો સ્પ્લેંડર મો.સા.જેની કિ.રુ.જેનો આર.ટી.ઓ નંબર જી.જે.૦૧ એસ.કે. ૭૬૯૮ નો છે જેની કિંરૂ.૩૫,૦૦૦/- ગણી તથા રોકડા રૂપિયા ૩૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૭૦,૦૦૦/- ની મતાનો મુદામાલ રીકવર કરી. (૧)કાગડાપીઠ પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં -૧૮૯/૨૦૧૮ ધી.ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ મુજબ તથા (૨) ગોમતીપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૭૮/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાઓ ડિટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.તથા અન્ય બીજા બે મોબાઇલ ફોન મળી આવેલ તે અંગેની તપાસ હાલમા સર્વે.પો.સ.ઇ.એસ.એમ.ગામીત નાઓ કરી રહેલ છે.



મોમીનખાન ઉર્ફે બાબા



અરબાઝ હુસેન

**પાલડી પોલીસ સ્ટેશન**

પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૦૫/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૬૩ મુજબના કામના ફરીયાદી ઇશ્વરભાઇ શંકરભાઇ ભાટી રહે, હીમતાજી મહારાજની ચાલી, ખોડીયાર નગર, બહેરામપુરા, અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા.૧૪/૧૧/૨૦૧૮ ના કલાક ૧૧/30 વાગ્યાના સુમારે પાલડી ભઠ્ઠા, નીલકંઠ પ્લાઝામાં આવેલ 'ઝી' ટયુસન કલાસીસની નીચે આવેલ વાડીલાલ આઇસ્કીમ પાર્લર સામેથી ફરીનો દિકરો નામે અનિકેત ઉ.વ. ૧૬ વર્ષ નાનો ક્યાંક જતો રહેલ હોય જે બાબતે હકીકત મેળવતા મુંબઈ ખાતે હોવાનું જણાતા તાત્કાલીક એક ટીમ મુંબઈ ખાતે રવાના કરી ગુમ થનાર બાળકને પરત મેળવી લાવી પુછપરછ કરતા જણાવેલ કે તેના મોટા પપ્પાએ તેને ભણવા બાબતે ઠપકો આપતા મનમા લાગી આવતા તે કોઈને કંઈ કહ્યા વગર તેની જાતે મણીનગર રેલ્વે સ્ટેશન જઈ રેલ્વેમાં બેસી મુંબઈ ખાતે જતો રહેલ હતો અને આજ રોજ તા, ૧૬/૧૧/૨૦૧૮ ના રોજ મુંબઈ ખાતેથી પરત અમદાવાદ લાવી તેના વાલી વારસને સહી સલામત હાલતમાં પરત સોંપેલ છે. તા, ૧૬/૧૧/૨૦૧૮.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.